For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

જનસંઘ સમયના વરિષ્ઠ નેતા નરેન્દ્રસિંહ રાઉલજીએ સોશિયલ મીડિયા પર ઠાલવી હૈયા વરાળ; અન્યાય સામે સવાલો

જિલ્લા ભાજપ સંગઠન જાહેર થતા જ ભડકો

વયમર્યાદા ભૂલી જવાઈ અને બેવડા હોદ્દા અપાયા!

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

જિલ્લા ભાજપ સંગઠનની નવી ટીમની જાહેરાત થતાની સાથે જ પક્ષમાં ભડકો જોવા મળી રહ્યો છે. ભાજપના પાયાના અને વરિષ્ઠ કાર્યકરોમાં નવા સંગઠનની માળખાકીય રચનાને લઈને ભારે નારાજગી અને છુપો રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને પક્ષના સ્થાપિત નિયમો જેવા કે 'એક વ્યક્તિ એક હોદ્દો' અને 'એક પરિવાર એક હોદ્દો' ના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થયું હોવાના આક્ષેપો સાથે જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

નવા સંગઠનમાં 60 વર્ષથી વધુ વય ધરાવતા નેતાઓને મહત્વના હોદ્દાઓ પર રિપીટ કરવામાં આવ્યા છે, જેના કારણે યુવા અને નવા ચહેરાઓને તક ન મળી હોવાની વ્યાપક ફરિયાદ ઉઠી છે. જિલ્લા ઉપપ્રમુખ અને મંત્રીઓના પદો પર મોટાભાગે 50 થી 65 વર્ષની વયના સિનિયર નેતાઓના નામ આવતા 'નો રિપીટ થીયરી' ના નામે અન્યત્ર કડક નિયમો પાળતો પક્ષ અહીં કેમ નરમ પડ્યો તેવા સવાલો ઉઠી રહ્યા છે.

સૌથી વધુ વિવાદ ડેસર તાલુકાની અવગણનાને લઈને થઈ રહ્યો છે. જનસંઘના સમયથી પક્ષ સાથે જોડાયેલા વરિષ્ઠ કાર્યકર્તા નરેન્દ્રસિંહ રાઉલજીએ સોશિયલ મીડિયા પર પોતાની હૈયા વરાળ ઠાલવતા સવાલો કર્યા છે કે, ભાજપની મજબૂત વોટબેંક હોવા છતાં ડેસર તાલુકાના કાર્યકરો સાથે ઓરમાયું વર્તન કેમ? સાવલી કરતા વધુ લીડ આપતા આ વિસ્તારના એક પણ કાર્યકરને સાતેય મોરચામાં સ્થાન ન મળતા પક્ષના પાયાના કાર્યકરોમાં અન્યાયની લાગણી જન્મી છે.

આ ઉપરાંત, બક્ષીપંચ મોરચામાં દેવજીભાઈ ઠાકોર અને તેમના પરિવારને મળેલા બહુવિધ હોદ્દાઓ તેમજ મહિલા મોરચામાં પણ જૂના જ ચહેરાઓને પ્રાધાન્ય અપાતા મહિલા કાર્યકરોમાં પણ અસંતોષ છે. કરજણ અને વાઘોડિયા પંથકના નેતાઓના અંગત માણસોને સીધા જિલ્લા મંત્રી જેવા હોદ્દા આપી દેવાયા હોવાની લોકચર્ચાએ પણ જોર પકડ્યું છે. આમ, વડોદરા જિલ્લા ભાજપનું નવું સંગઠન શિસ્તબદ્ધ ગણાતી પાર્ટી માટે આગામી સમયમાં આંતરિક પડકારો ઉભા કરે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

વડોદરા જિલ્લા ભાજપમાં ડભોઈનો દબદબો

વડોદરા જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે ડો. બી. જે. બ્રહ્મભટ્ટની વરણી ડભોઇ પંથક માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. જિલ્લાના નવા સંગઠનમાં ડભોઇને જે રીતે પ્રતિનિધિત્વ મળ્યું છે તે જોતા પંથકમાં 'ચાંદી જ ચાંદી' થઈ ગઈ હોય તેમ જણાય છે. મહેશ દાજીને જિલ્લા ઉપપ્રમુખ જેવું મહત્વનું પદ, સતિષ સોલંકીની આશ્ચર્યજનક મહામંત્રી તરીકેની નિમણૂક અને એસટી મોરચામાં કિરણ તડવીની વરણીએ ડભોઇનું વર્ચસ્વ સાબિત કર્યું છે. હિતેશ પટેલ અને ધર્મેશ પંચોલી જેવા ચહેરાઓને પણ સ્થાન મળતા કાર્યકરો ગેલમાં છે.

ડેસર ભાજપમાં 'અન્યાય'ની આગ: કાર્યકરોનો હૂંકાર, 'વોટ અમે આપીએ અને હોદ્દા શહેર લઈ જાય?'

વડોદરા જિલ્લા ભાજપના નવા માળખામાં ડેસર તાલુકાની ઘરાર અવગણના થતા પૂર્વ સંગઠન પ્રમુખ નરેન્દ્રસિંહ રાઉલજીએ સોશિયલ મીડિયા પર ખુલ્લો જંગ છેડ્યો છે. સાવલી કરતા પણ વધુ લીડ આપતા હોવા છતાં સાતેય મોરચામાં ડેસરના એક પણ સક્રિય કાર્યકરને સ્થાન ન મળતા 'ઓરમાયું વર્તન' રાખવામાં આવ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. નરેન્દ્રસિંહે સ્પષ્ટ કર્યું છે કે આ લડાઈ તેમના હોદ્દા માટે નહીં, પણ પક્ષ માટે તનતોડ મહેનત કરતા એસસી, એસટી અને બક્ષીપંચ મોરચાના પાયાના કાર્યકરો માટે છે. એક તરફ ડેરીની ચૂંટણીનો ગરમાવો છે, ત્યારે બીજી તરફ સંગઠન સામેનો આ 'બડાપો' ચાલુ હવનમાં ઘી હોમવાનું કામ કરી રહ્યો છે, જે આગામી સમયમાં ભાજપ માટે મોટો માથાનો દુખાવો બની શકે છે.

હીરાના બદલે કોલસાનો સોદો? વાઘોડિયા ભાજપમાં 'ઘર ફૂટે ઘર જાય' જેવો ઘાટ!...

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

વાઘોડિયા ભાજપમાં અત્યારે 'શાંતિ પહેલાની ભયાનક નિરવતા' જેવો માહોલ છે. જિલ્લા સંગઠનમાં સ્થાનિક નેતાઓના બદલે 'શહેરી' ચહેરાઓને મહત્વ મળતા વર્ષોથી પક્ષને લોહી-પરસેવો સીંચનારા જૂના જોગીઓ અત્યંત વ્યથિત છે.

સિનિયર કાર્યકરોમાં એવો અંદરો અંદર ગણગનાટ છે કે પક્ષે હીરા જેવા નિષ્ઠાવાનોને પડતા મૂકી કોલસા જેવા તત્વો સાથે સોદો કર્યો છે.

સીમાંકન વખતે થયેલી કથિત સોદાબાજી અને હવે સંગઠનમાં અન્યાયના કારણે અજ્ઞાત સ્થળે યોજાયેલી 'ગુપ્ત બેઠકો'એ હાઈકમાન્ડની ઊંઘ ઉડાવી દીધી છે. જો આ 'ઉકળતો ચરુ' સમયસર ઠરશે નહીં, તો આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને ભાજપના જ માણસો હંફાવે અથવા તો ત્રીજા મોરચાની એન્ટ્રી કરાવી પક્ષના મૂળિયાં હચમચાવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

નિયમો નેવે મુકાયા: ક્યાં ગઈ ભાજપની શિસ્ત?

વડોદરા જિલ્લા ભાજપના નવા માળખામાં શિસ્ત અને સિદ્ધાંતોના ધજાગરા ઉડતા દેખાઈ રહ્યા છે. એક તરફ પક્ષ 'એક વ્યક્તિ એક હોદ્દો'ની વાતો કરે છે, તો બીજી તરફ અનેક એવા નામો સામે આવ્યા છે જેઓ બે-બે જવાબદારીઓ સંભાળી રહ્યા છે. એટલું જ નહીં, 'એક પરિવાર બે હોદ્દા'ના કિસ્સાઓએ પણ કાર્યકરોને ચોંકાવી દીધા છે. જ્યારે સક્ષમ અને વફાદાર કાર્યકરો હોવા છતાં માનીતાઓને જ હોદ્દાની લ્હાણી કરવામાં આવતા, પક્ષના આંતરિક લોકશાહી સામે હવે સનિષ્ઠ કાર્યકરોએ જ સોશિયલ મીડિયાના માધ્યમથી મોરચો માંડ્યો છે.

દુબઈથી પરત ફરેલા એડવોકેટ શૈલેષ અમીનના સાંસદ પર આકરા પ્રહાર

સાંસદ પર નિર્ભર ન રહી સ્વયં પ્રયાસો કર્યા અને ફ્લાઈટના વધુ ભાવ ચૂકવ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલી યુદ્ધની પરિસ્થિતિમાં દુબઈમાં ફસાયેલા વડોદરાના એડવોકેટ શૈલેષ અમીને જણાવ્યું હતું કે, અમે 21 મી ફેબ્રુઆરીએ ગ્રુપ ટુરમાં જોડાઈને દુબઈ ફરવા માટે પહોંચ્યા હતા. 28મી ફેબ્રુઆરીના ભારત પરત ફરવાના હતા. જે ઈરાનના દુબઈ ઉપર મિસાઈલ એટેકને કારણે દુબઈ એરપોર્ટ બંધ થતા અમે અટવાઈ ગયા હતા. તારીખ 4 , 5 અને 7 માર્ચની અમદાવાદ આવતી ફ્લાઈટની ટિકિટો બુક કરાવી હતી. જે તમામ ફ્લાઈટો રદ થતાં દુબઈમાં જ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. આ બાબતની ભારતમાં જાણ થતા અમારા ઘણા શુભચિંતકોના ફોન પણ આવતા રહ્યા હતા. આ પહેલા 1 ફેબ્રુઆરીના અમે સાંસદના દુબઈમાં ફસાયેલાની વિગતો મંગાવતા સમાચારો જોયા હતા અને સાંસદે જણાવેલા વોટ્સએપ નંબર પર ફસાયેલાઓની વિગતો મંગાવી હતી. જેથી રાહત કાર્યવાહી થાય જેથી અમે તરત જ આ વિગતો મોકલી હતી. જેને આજે આઠ દિવસ થયા, પણ વડોદરાના સાંસદનો સામાન્ય પ્રત્યુતર શુદ્ધા આવ્યો નથી. જેથી લાગે છે કે, તેમની કોઈ કાર્યક્ષમતા હોય તેમ જણાતું નથી. અમે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૂચવેલા આત્મનિર્ભર થવાના સૂત્રને અનુસર્યા અને વડોદરાના સાંસદ પર નિર્ભર રહેવાનું છોડી સ્વયં પ્રયાસો કરતા રહ્યા સાથે સલામત ભારત પરત ફરીએ તેવી સ્નેહીઓએ કરેલી પ્રાર્થના અને માંગેલી દુઆ કામ લાગી હતી. અમારા ધ્યાને આવ્યું કે, અમે ભારત પરત ફરવાની પાંચ વખત લીધેલી ટિકિટો અમદાવાદ ગુજરાતની હતી અને ગુજરાતની તમામ ફ્લાઈટો કેન્સલ થાય છે. જ્યારે મહારાષ્ટ્રની શિંદે સરકારે દુબઈમાં ફસાયેલા મહારાષ્ટ્રના નાગરિકો માટે ફ્લાઈટોની વ્યવસ્થા કરેલી છે. જે ચોક્કસ ઉપડે છે. જેમાં અમને પ્રથમ પ્રયત્ને જ છઠ્ઠી માર્ચની મુંબઈની ટિકિટ અમને ઊંચી કિંમતએ મળી ગઈ હતી. ફ્લાઈટ ઉપડી અમે મુંબઈ પહોંચ્યા બાદ વડોદરા પહોંચી ગયા છે. અમે તો વડોદરાના સાંસદને પણ વણમાંગી સલાહ આપીએ છીએ કે, કેડાઈની છત્રછાયામાંથી નીકળી આત્મનિર્ભર બનશો તો જ વડોદરાના નગરજનોના કામો કરી શકશો.

તાંદલજામાં સાસરીયા દ્વારા પરીણીતા પર શારીરિક માનસિક ત્રાસ

'તુ ગમતી નથી' તેમ કહી હથોડીથી પતિનો પત્ની પર હિંસક હુમલો

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

વડોદરા શહેરના તાંદલજા વિસ્તામાં સાસરીમાં રહેતી પરીણીતાને બે સંતાન બાદ પતિ તુ મને ગમતી નથી તેમ કહી પતિ મારપીટ કરતો હતો. ઉપરાંત સાસરીયા પણ પતિની ચઢામણી કરવા સાથે શારીરિક માનસિક ત્રાસ આપતાં હતા. જેથી પરીણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ સહિત ચાર લોકો સામે ગુનો દાખલ કર્યો છે. વડોદરા શહેરના તુલસીવાડી સંજયનગર -1માં રહેતા દક્ષાબેન ભરતભાઈ રોહિત (ઉં.વ.39)એ ફરિયાદ નોંધાવી છે કે મારા લગ્ન વર્ષ 2009માં સમાજના રિવાજ મુજબ ભરતભાઈ વિઠ્ઠલભાઈ રોહિત સાથે થયા હતા. લગ્ન બાદ મે પતિ ભરતભાઈ રોહિતના ઘરે તુલસીવાડી સંજય નગર-1 શોપિંગ સેન્ટરની પાછળ સાસરીમાં રહેવા માટે આવી હતી. અમારા સુખી દાંપત્ય જીવનના ફળ સ્વરૂપે એક છોકરો તથા એક છોકરી બે સંતાનો થયાં હતા અને મારા પતિ મને સારી રીતે રાખતા હતા. દરમિયાન મારા સાસુ અને સસરાથી અલગ રહેવા માટે ગયા હતા. ત્યારબાદ છેલ્લા એક મહિનાથી મારા પછી ઘરકામ તથા નાની નાની બાબતે મારી સાથે ઝઘડો કરે છે. જેમાં તું મને ગમતી નથી તેમ કહીને અવારનવાર તકરાર કરી મારપીટ કરતા હતા. પરંતુ મારો ઘર સંસાર તૂટે નહીં તેના માટે મેં કોઈ પોલીસ ફરિયાદ કરવા માટે જતી હતી. ગત 8 માર્ચ 2026ના રોજ રાત્રીના 9 વાગ્યાના આસપાસ હું તથા મારો છોકરો રોનક, દીકરી વૈશાલી જમી પરવારીને બેઠા હતા. ત્યારે મારા પતિ ભરતભાઈ રોહિત તથા મારા જેઠ નિલેશભાઈ રોહિત તથા મારા સાસુ દેવુંબેન વિઠ્ઠલભાઈ રોહિત ઘરે આવી પહોંચ્યાં હતા એ ઘરકામ બાબતે મને ગમે તેમ ગાળો બોલવા લાગ્યાં હતા. ઉપરાંત ઉશ્કારાયેલા મારા પતિએ લાકડીના હાથાવાળી લોખંડની હથોડી તથા જેઠ નિલેશભાઈએ પ્લાસ્ટિકની પાઈપ માથામાં મારી દીધી હતી. મારા સાસુ દેવુબેન મારા વાળ પકડીને મને પાડી દીધા અને આ ત્રણેય મારી સાથે પણ ઝપાઝપી કરવા લાગ્યાં હતા. દરમિયાન મને માથામાં લોહી નીકળતી હાલતમાં સારવાર માટે 108 એમ્બ્યુલન્સમાં એસએસજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. આમ પતિ સહિતના સાસરીયા દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપતા હોય આખરે કંટાળીને પરીણીતાએ પોલીસના દ્વારા ખખડાવતા પોલીસે પતિ સહિત સાસરીયા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

મેયર, કમિશનર અને કાઉન્સિલરોએ મૈત્રીપૂર્ણ માહોલમાં પાંચ વર્ષના કાર્યકાળની યાદો તાજી કરી : ફોટોસેશન

■ વડોદરા મહાનગરપાલિકાના વર્તમાન બોર્ડની પાંચ વર્ષની મુદત ટૂંક સમયમાં પૂર્ણ થવા જઈ રહી છે. સત્તાધારી અને વિપક્ષના કાઉન્સિલરો તેમજ વહીવટી તંત્ર વચ્ચેના પાંચ વર્ષના સહયોગ અને શહેર વિકાસની મજલને યાદગાર બનાવવા માટે ગતરોજ સયાજીબાગ સ્થિત ઐતિહાસિક બરોડા મ્યુઝિયમ ખાતે એક ભવ્ય ગ્રુપ ફોટોસેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. મ્યુઝિયમની પ્રાચીન ઇમારતના સાક્ષીએ લેવાયેલી આ તસવીરો પાલિકાના ઇતિહાસમાં એક સંભારણું બની રહેશે.આ પ્રસંગે વડોદરાના મેયર, ડેપ્યુટી મેયર, મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, દંડક, પક્ષના નેતા અને વિવિધ વોર્ડના કાઉન્સિલરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉનાળાની શરૂઆતે ગરમીનો પારો 40.4 ડિગ્રીએ પહોંચ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

ઉનાળાની શરૂઆતે જ આકરા તેવર બતાવવાનું શરૂ કર્યું છે. ત્યારે વડોદરામાં સીઝનનું પ્રથમ વખત મહત્તમ તાપમાન 40.4 ડીગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાન 20.4 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 43% અને સાંજે 17% નોંધાયું હતું. હવામાન વિભાગની તાજેતરની આગાહી અનુસાર આગામી 2 દિવસ સુધી હીટવેવની સ્થિતિ રહેશે. જેના પગલે તંત્ર દ્વારા યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે, તંત્ર દ્વારા પણ હીટવેવની ગંભીરતાને ધ્યાને રાખીને નાગરિકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. બપોરે 12 થી 4 વાગ્યા દરમિયાન ખૂબ જ જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળવું. ગરમીથી બચવા માટે આછા રંગના સુતરાઉ કપડાં પહેરવા. શરીરને હાઈડ્રેટેડ રાખવા માટે પુષ્કળ પ્રમાણમાં પાણી, છાશ, લીંબુ શરબત કે ઓઆરએસ જેવા પ્રવાહી લેવા.

રાજ્યના ચાર શહેરોને રેપિડ ટ્રાન્ઝિસ્ટ સિસ્ટમથી જોડી દેવામાં આવશે

વડોદરાને આણંદ, નડિયાદ અને ડભોઈ સાથે જોડવાની અપેક્ષા

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

રાજ્ય સરકાર શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર વધુ ભાર મૂકી રહી છે. જે અંતર્ગત શહેરોને તેના આસપાસના વિસ્તારો સાથે જોડવા માટે રીજનલ રેપિડ ટ્રાન્ઝિસ્ટ સિસ્ટમનું આયોજન શરૂ કર્યું છે. રાજ્ય શહેરી વિસ્તરણના આગામી તબક્કા માટે તૈયાર થઈ રહ્યું છે. ત્યારે વડોદરા માટે પણ સામાન આરઆરટીએસ નેટવર્કની કલ્પના કરવામાં આવી રહી છે. સરકારે આરઆરટીએસ કોરિડોરના ટેકનિકલ અભ્યાસ અને આયોજન માટે વર્ષ 2026-27 ના બજેટમાં રૂપિયા 10 કરોડ ફાળવ્યા છે. હાલમાં સેપ્ટ યુનિવર્સિટી સૌથી સદ્ધર એલાઇનમેન્ટ અને ટેકનોલોજી વિકલ્પો ઓળખવા માટે અલ્ટરનેટિવ એનાલિસિસ રિપોર્ટ તૈયાર કરી રહી છે. આ પ્રોજેક્ટના માર્ગદર્શન માટે રાજ્ય સરકારે નેશનલ કેપિટલ રીઝલ્ટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની મદદ લીધી છે.

આ સંસ્થાને રાજ્યના આરઆરટીએસ નેટવર્ક માટે માસ્ટર પ્લાન તૈયાર કરવા જણાવવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર એક વાર માસ્ટર પ્લાન તૈયાર થઈ જાય. ત્યારબાદ, રાજ્ય સરકાર મંજૂરીઓ અને પ્રારંભિક કામગીરીનો આગામી રાઉન્ડ શરૂ કરશે.

રાજ્યના અનેક મોટા શહેરોથી 40 થી 60 કિલોમીટરની અંદર આર્થિક રીતે મહત્વના શહેરી કેન્દ્રો આવેલા છે. આ નગરો તેમના મુખ્ય શહેરો સાથે મજબૂત આર્થિક જોડાણ ધરાવે છે. ત્યારે, ઉચ્ચ ગુણવત્તાની કનેક્ટિવિટી સાથે તેઓ મોટા શહેરી કેન્દ્ર તરીકે વિકસી શકે છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. હાલમાં 17 મહાનગરપાલિકા અને 152 નગરપાલિકા સાથે ઝડપી શહેરીકરણ થઈ રહ્યું છે. રાજ્યની લગભગ 48% જેટલી વસ્તી હવે શહેરી વિસ્તારોમાં રહેશે. આ અગાઉ સરકારે મોટા શહેરોની આસપાસ પાંચ સેટેલાઈટ ટાઉન વિકસાવવાની જાહેરાત કરી હતી અને વર્ષ 2025 26 ના બજેટમાં આ પહેલ માટે રૂપિયા 50 કરોડ ફાળવ્યા હતા. ત્યારે હવે વડોદરાને આણંદ નડિયાદ અને ડભોઈ સાથે જોડવાની અપેક્ષા છે.

સ્પેશિયલ કેમ્પ અને રાત-દિવસની મહેનત એળે ગઈ

વસૂલાતના ટાર્ગેટમાં 'ફેલ' તલાટીઓના પગાર પર સરકારી 'કાતર' ફરી !

(પ્રતિનિધિ), વડોદરા. તા.9

વડોદરા જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા મહેસૂલ વસૂલાત મુદ્દે લેવાયેલા એક કઠોર નિર્ણયને પગલે સમગ્ર જિલ્લાના સરકારી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કાર્યરત તલાટી કમ મંત્રીઓ કે જેઓ નિયત કરવામાં આવેલો 60 ટકા મહેસૂલ વસૂલાતનો લક્ષ્યાંક પૂરો કરવામાં નિષ્ફળ રહ્યા છે, તેમના ચાલુ માસના પગાર અટકાવી દેવાનો આદેશ છૂટતા કર્મચારીઓમાં ભારે રોષ અને કચવાટ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સરકાર દ્વારા ચાલુ નાણાકીય વર્ષના અંતિમ તબક્કે મહેસૂલ વસૂલાત પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. જોકે, વડોદરા જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં વસૂલાતની કામગીરી 60 ટકા સુધી ન પહોંચતા તંત્રએ લાલ આંખ કરી છે. આ નિર્ણય સામે તલાટીઓમાં ઉગ્ર પ્રતિક્રિયા જોવા મળી રહી છે. કર્મચારીઓનું કહેવું છે કે, તેઓ રજાના દિવસોમાં પણ 'ડોર-ટુ-ડોર' જઈને કરવેરાની ઉઘરાણી કરી રહ્યા છે અને ગામડાઓમાં સ્પેશિયલ કેમ્પનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. આટલી મહેનત છતાં પગાર રોકી દેવાનો નિર્ણય અન્યાયી હોવાનું કર્મચારીઓ માની રહ્યા છે. તલાટી મંડળ અને કર્મચારીઓમાં મુખ્ય ચર્ચાનો વિષય એ છે કે, જો ગ્રામજનો કે બાકીદારો વેરો ભરવા તૈયાર ન હોય, તો તેમાં સરકારી કર્મચારીનો શું વાંક ? નિયમ મુજબ જેઓ વેરો નથી ભરતા તેમની સામે કાયદેસરની કાર્યવાહી કે મિલકત જપ્તી જેવી સજા થવી જોઈએ, પરંતુ તેના બદલે રાત-દિવસ મહેનત કરતા કર્મચારીઓના ઘરના ચુલા અટકાવવા તે કેટલે અંશે વ્યાજબી છે? તેવા સવાલો અત્યારે વહીવટી તંત્ર સામે ઉઠી રહ્યા છે. આગામી દિવસોમાં જો આ નિર્ણય પરત ખેંચવામાં નહીં આવે અથવા પગાર મુક્ત કરવામાં નહીં આવે, તો જિલ્લાનું તલાટી મંડળ આક્રમક વલણ અપનાવી શકે છે તેવી શક્યતાઓ પણ સેવાઈ રહી છે.

જાનહાનિ ન થતાં તંત્રે હાશકારો અનુભવ્યો

ગોત્રીમાં વીજ ડીપીમાં આગ લાગતા વીજળી ગુલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલ રણછોડ રાય સોસાયટી પાસેના વીજ ડીપીમાં શોર્ટ સર્કિટ બાદ આગ લાગી હતી. જેના કારણે આસપાસની સોસાયટીઓમાં લાઈટો થતા રહીશો ગરમીમાં હેરાન પરેશાન થયા હતા. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનો પારો ચડવા લાગ્યો છે અને તેની સાથે આગના બનાવોમાં પણ વધારો થયો છે. ત્યારે, વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલી રણછોડરાય સોસાયટી નજીક જીઈબીની વીજ ડીપીમાં અચાનક આગ લાગી હતી. જેના કારણે સમગ્ર વિસ્તારમાં થોડા સમય માટે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. આ ઘટનાની જાણ થતા વાસણા રોડ ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને ઝડપી કાર્યવાહી કરી આગ પર કાબુ મેળવી લીધો હતો. ત્યાં સુધીમાં વિસ્તારના નાગરિકોમાં ભય અને ગભરાટ ફેલાઈ ગઈ હતી. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર આ સ્થળ પર અગાઉ પણ આગ લાગવાની ઘટના બની છે. જીઇબીને અહીં ઊગી નીકળેલા નાના વૃક્ષો અને સૂકા વેલા દૂર કરવા અગાઉ જાણ કરવામાં આવી હતી. પરંતુ સમયસર યોગ્ય કાર્યવાહી નહીં થતા આ ઘટના ફરી સર્જાઈ હોવાનું સ્થાનિક નાગરિકોએ જણાવ્યું હતું. જીઈબી સમયસર ધ્યાન આપે અને ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે જરૂરી પગલાં લેય તેવી સ્થાનિક નાગરિકોએ માંગણી કરી હતી.

PET's Park માં 'સેવા' ના નામે 'ક્રૂરતા' ?

જોષી દંપતીના પાળતુ કૂતરાના મોતથી પશુપ્રેમીઓમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

સંસ્કારી નગરી વડોદરામાં પાલતુ પ્રાણીઓની સાચવણીના નામે ચાલતા 'પેટ પાર્ક' ની ભયાનક બેદરકારી અને ક્રૂરતાનો કિસ્સો સામે આવતા પશુપ્રેમીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. નિઝામપુરાની કામધેનુ સોસાયટીમાં રહેતા ગાર્ગીબેન અને પ્રજ્ઞેશભાઈ જોષીએ તેમના વ્હાલસોયા ડોગ 'Enzo' ને ગુમાવ્યા બાદ, આજે તેઓ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રજૂવાત કરવા ગયા હતાં. દંપતીનો આરોપ છે કે, PET's Park ના સંચાલકોની ઘોર બેદરકારી અને સ્ટાફના અમાનવીય મારને કારણે જ Enzo નું કરુણ મૃત્યુ નીપજ્યું છે. ગાર્ગીબેન જોષીના જણાવ્યા અનુસાર, ગત 29 જાન્યુઆરીના રોજ તેમણે ડોગ Enzo ને નિઝામપુરા વિસ્તારમાં આવેલા 'PET's Park' ખાતે મૂક્યો હતો. જેના સંચાલક અનન્યા અગ્રવાલ અને અશોક અગ્રવાલ ને Enzo ની કાળજી રાખવાની જવાબદારી સોંપવામાં આવી હતી. 2 ફેબ્રુઆરીએ સંચાલકોનો ફોન આવ્યો કે "Enzo બેભાન છે". ગભરાયેલા દંપતી જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે Enzo ના નિષ્પ્રાણ દેહને જોઈ તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જ્યારે દંપતીએ ત્યાંના સીસીટીવી ફૂટેજ જોવાની માંગ કરી. ગાર્ગીબેનનો ગંભીર આક્ષેપ છે કે, સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે ટ્રેનિંગ કે સાચવણીના નામે ત્યાંનો સ્ટાફ નિર્દોષ Enzo ને ક્રૂરતાપૂર્વક મારી રહ્યો છે. જે શ્વાન અમને જોઈને પૂંછડી પટપટાવતો દોડતો આવતો, તેને લોખંડના સળિયા કે હાથથી બેરહેમીથી મારવામાં આવ્યો હોય તેવી આશંકા છે. આ કોઈ અકસ્માત નથી, આ હત્યા સમાન ગુનો છે. ઘટના બાદ દંપતીએ પોલીસ સ્ટેશન અને ઉચ્ચ પોલીસ અધિકારીઓના દ્વાર ખખડાવ્યા હતા, પરંતુ યોગ્ય પ્રતિસાદ ન મળતા આખરે મામલો કલેક્ટર કચેરીએ પહોંચ્યો છે. તેઓએ માંગ કરી છે કે, PET's Park ના સંચાલકો અને જવાબદાર સ્ટાફ વિરુદ્ધ આઈપીસીની કલમો અને પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળ તાત્કાલિક FIR દાખલ થાય.